રા. રા. મણિભાઈ પ્રેમાભાઇ–નગરશેઠના સ્વર્ગવાસ વિષે

મણિભાઇવિરહ.

૭૩૯૩ રચિ પ્રસિદ્ધ કરનાર,

કેશવલાલ જમનાદાસ–પાલખીવાળા.

અમદાવાદ.

દોહરો.

મણિભાઇના મરણથી ! શોક ઉપન્યો મન;
દાખવું વિરહ વિષય લખી, પ્રીયજન પ્રતિવચન.

અમદાવાદ

ઘીકાંટે–કંદોઇની વાડીના મેડાઉપર શા. કેશવલાલ ગુલાબચંદે
પોતાના શ્રી ચંદ્રપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં છાપ્યો.

સંવત ૧૯૫૬ સને ૧૯૦૦

વિજ્ઞાપ્તિ.

મર્હુમ શ્વર્ગવાશી મણિભાઇ પ્રેમાભાઈ આપણા ગુજરાત પ્રાંતના સુપ્રસિદ્ધ નગરશેઠ અને રાજનગર મ્યુનીસીપાલ કમેટીના પ્રેસીડેંન્ટ હતા. તેમણે સુધારાનાં કામ કરી આપણા ઉપર ઘણા ઉપગારો કરવાની સાથે અતિશ્રમ લેઈ દેશ સેવા બજાવી છે. એ વાત જગ ઝાહેર છે માટે આ જગોએ વધારે લખવાની જરૂર નથી. તો પણ એટલું તો કહેવું જોઇએ કે-આવા મહાનપુરૂષના શ્વર્ગવાસથી આપણ ગુર્જરપ્રજાએ બલકે આખા હિંદુસ્થાને એક અમુલ્ય નરરત્ન ખોયું છે ! અને તેજ કારણથી આખી ગુજરાતાદીક પ્રાંતોની પ્રજા અત્યંત દિલગીર છે. મર્હુમ શ્વર્ગવાશીના જ્ઞાનનું વિવેચન કરવા કે ત્હેમનું જીવનચરીત્ર લખવા જેટલું જ્ઞાન કે પુરતા શબ્દો મ્હારી પાસે નથી તોપણ ત્હેમના શ્વર્ગવાસ સબંધી જુજ હકીકત વિરહ તરીકે પદ્યમાં રચિ આર્ય બંધુની સેવામાં મુકુ છું ?

રા. રા. મણિભાઈ પ્રેમાભાઈ-નગરશેઠે, ચાલતા દુષ્કાલ સમયમાં તન મન અને ધનથી, હજારો મનુષ્ય અને જાનવરોના જીવ બચાવ્યા તે બાબત હું એક પુસ્તક બહાર પાડવાની તૈયારીમાં હતો; પરંતુ ક્રુર કાળે અચાનક આવી

તે ધર્માત્માના જીવને સ્વર્ગવાસ પહોંચાડવાથી ધારેલું ફળ મળ્યું, અને વણધાર્યું આગળ આવ્યું માટે આ અતિ ખેદયુક્ત બનાવવાની નોંધ મા'રેજ હાથે કરવી પડી છે. પણ તે કરતાં હાથમાં કલમ અને ચક્ષુઓમાં ચોધારા આંસુ ચાલતાં હતાં? તોપણ કોમળ હૃદયને વજ્ર સમાન બનાવી તેમના સ્વર્ગવાસ વિષે મેં દિલગીરી બતાવી છે. સબબ તેઓ મ્હારા શુભેચ્છક અને આશ્રયદાતા હતા, વળી ત્હેમના પ્રતાપે મેં કેટલુક જ્ઞાન અને આબરૂ મેળવી છે. માટે ત્હેમના સમર્પણાર્થે આ લઘુ પુસ્તક રચિ પ્રસિદ્ધ કર્યું છે. પરંતુ મ્હારૂ જ્ઞાન અલ્પ છે, તેમ હું કવિ નથી માટે, પુસ્તકમાં રહેલી ભૂલો સુધારીને વાંચશો. એજ વિનંતી.

અમદાવાદ — લી. સે.

તા. ૫-૫-૧૯૦૦ — કે. જ. પા.

રા. રા. મણિભાઇ પ્રેમાભાઇ-નગરશેઠના સ્વર્ગવાસ વિષે.

મણિભાઇવિરહ.

(લખનાર કેશવલાલ જમનાદાસ પાલખીવાળા—અમદાવાદ.)

સોરઠો.

વિલોકીયા સૌ લોક, શોક સહિત સંસારમાં;
પાડે હૈડાં પોક! જરૂર મણિભાઈ જતાં!!!

મનહર છંદ.

આખી ગુજરાત મહીં, મણિ એક મુલ્યવાન!!
આપ્યો તો ઓપાવવાને, દેશના દિદારને.
લઘુવય માંહિ જેણે, તેજને બતાવી મહા!
પ્રકાશીત કર્યું જ્હેર, કેટીક પ્રકારને.
પછીથી પ્રકાશ આપ્યો, ભારે રાજકાજ માંહિ;
મહારાણી જેવાં મોટાં! શાંણી સરકારને.
એવો પ્રેમાભાઇ સુત, શ્રેષ્ટ મણિભાઈ જતાં;
કેશવ રડે છે સર્વ, પ્રીય સરદારને!!!

દોહરો.

ઉત્તમ કીર્તિ તાહરી, પ્રસરી ગામેગામ;
મણિસમ મણિભાઇ તને, કરશે યાદ તમામ.

હરિગીત.

આ મ્હેર કેરો સ્થંભ તે, આજે અચાનક ભાગીયો !
નિર્ભાગણી ગુજરાતને; દુષ્કાળમાં ઘા વાગીયો.
ભૂલોકથી ચાલી ગયો, મણિભાઇ એ કોડામણા;
આધાર માહુ મોટો હતો, પશુઓ અને રંકો તણો.
કવિયો અને સુધારકોનો, આજરે પ્રથ્વી પડયો !
નર રત્ન મણિભાઇ જતાં, મહાડાઘ દુખ અંતર અડયો ! !
જન્મ્યા હતા શુભ સાલ, સંવત ઓગણીસે વિસમાં;
છપને વર્ષ્યા ધર્ગે જઇ, યુવાન વય છત્રીસમાં ! ! !

સોરઠો.

કરવા અમ કલ્યાણ, હામ હતી હૈયે ઘણી;
કેમ ગયા ગુણજાણ, આ દરિયે અધવચ ધરી ! !

કુંડળીયા.

મણિભાઇ ત્હારા વિના, ભાગી મનની હામ;
ગામ નગર ઝાંખાં થયાં, રૂવે રંક તમામ.
રૂવે રંક તમામ, અરે ! આતે શું થાશે;
ચાલ્યો અન્નદાતાર, દુખના દિ પે જાશે;
રાજનગરમાં આજ, રૂવે સો વારે ધારે;

ભાગી મનની હામ, પડી હડતાલો હારે!
છત્રિસ વર્ષે ગુજર્યા, રાજનગર મોઝાર;
તેથી સૌ દિલગીર છે, મનમાં વારંવાર.
મનમાં વારંવાર, વિચારો અધિકા આવે;
ન મળે એવું રત્ન! સર્વને શાન્તિ થાવે.
લોકપયોગી વાત, મૂખેથી કોણ ઉચરશે;
મણિભાઇ ગુજર્યા યાર, બરોબર છત્રિસ વર્ષે!!

દોહરો.

ધર્મવિર મહાધિર નર, દાન શીળ સુખદાઇ
વષ્યા વાસ સ્વર્ગે જઇ, નગરશેઠ મણિભાઇ.!!

માલીની છંદ.

અરર અરર ભાઇ, દૂખરે દાબ દીધુ;
જન હિત કર્તા તે, રત્નને તાણી લીધુ!
જનમનમાં આજે, શોક તો ખૂબ થાએ;
અધિક અધિક સાલે, એ મણિ મનમાંહે.
બહુ બહુ કરવાનાં, રે હતાં કામ ભારે;
એ મણિભાઇને તો, રે પ્રભુ બેશુમારે!

ધણુંક ધણુંક થાએ, દૂખરે આજ ચિત્તે;
ભડ ભડ ભડ જ્વાળા, રે બળે ભુંડી રીતે.
દડ દડ દડ આંસુ, લોચનેથીજ ચાલે;
જ્યમ જ્યમ મન આવે, ત્હેમ તો તુજ સાલે.
અચલ અમર કિર્તી, ત્હેમની તો રહી છે;
નથી સંશય એમાં ! ફકત કાયા ગઇ છે.

ગીતિ.

શોકાગ્ની નવ બુઝે, મુનીમ મે'તા ચાકર મનમાંથી;
દિપક નાશ થયો કહિ, રડતા અશ્રુપાત નયનમાંથી !

લલિત છંદ.

અરરર ઓ પ્રભૂ શુ કર્યું અરે,
નર મણિ જતાં દૂખ સંચરે;
કડડ કારમો કોપ તો થયો,
અરરર ઓ વિભૂ કયાં મણિ ગયો ! !
પલક વારમાં આ શું રે કર્યું,
ભાગ્ય અમતણું દૂખમાં ઠર્યું;
પુણ્યશાળી તો ! રે જતો રહ્યો,

અરરર એ વિભૂ ક્યાં મણિ ગયો !
દુ:ખ પડ્યું અતિ તેહને જવે,
કદિ ન વિસરે મનથી હવે;
પ્રેસિડેન્ટનો લાભ તો લહ્યો,
અરરર એ વિભૂ ક્યાં મણિ ગયો !
ગુપ્ત દાનથી અન્ન આપતો,
જન ઘણાકનાં કષ્ટ કાપતો;
ખબર રાખશે નર હવે કયો,
અરરર એ વિભૂ ક્યાં મણિ ગયો !
દુષ્કાળમાં નહિં જંપ્યો ઘડી,
નિરખતો બધે ગાડીયે ચઢી;
તેહને અરે ! મૃત્યુએ ગ્રહ્યો,
અરરર એ વિભૂ ક્યાં મણિ ગયો !
મધુર વાણીથી ભાષ્ય ભાખતો,
મિત્ર મંડળી ખુશ રાખતો;
કિર્તી મેળવી ચાલતો થયો !
અરરર એ વિભૂ ક્યાં મણિ ગયો ! !

ગીતિ.

નિત હસતું પ્રીય મુખડું, શુભ વચનોથી સદા સુરસ આવે;
તે પ્રેમી નર ક્યાં જઇ, જોવો મ્હારે જગત વિષે હાવે ! ! !

મનહર છંદ.

અરે મણિભાઈ પ્યારા, ત્હારા જેવા શેઠ સારા;
ક્યાંથી મળે અવનીમાં, અમને મેળાપીયા.
સારી રીતે સ્નેહ કરી, પ્યારની તેં પોઠ ભરી;
ત્રૂટે કેમ તેહ બંધ, કટારીથી કાપીયા !
અતિ મિત્રતાઇ ભાઇ, છોડાઇ દેવાઈ ગઇ;
ધરી મનમાંહી શોક, અક્ષર આ છાપીયા.
અરરર ! ઈષ આજે, નગ્રશેઠ જવા થકી !!
અમારા રદય નકી, શોક થોક વાપીયા.

અહો ! સુત પ્રેમાભાઇ, ચિત્તથી રહિયે ચાહી;
મિઠા વાણી બોલી કોણ, રીઝવશે આજરે;
ગુણ ગાઉં ખ્યાખ્યા ત્હારા, મણિસમ મણિ પ્યારા;
ભરદરિયામાં મુકયું, ગરિબોનું ઝાજરે!
જેહ તુજ પાડ થયા, અમારી ઉપર તેથી;
જો તુ જીવ્યો હોત તો તો, આપત મુદાબુરે.

અરે વ્હાલા મણિભાઇ, ત્હારૂ નામ મૂખે ગાઈ;
યાદ કરે ઠામો ઠામ, થયો અસ્ત ભાણરે ! ! !

દોહરો.

અધિક સુધારાની રહી, મનમાં તમને મામ;
વિસાર્યું નહિ વિસરે, કદી તમારૂ નામ !

માલીની છંદ.

અરરર અરરર સૃષ્ટા, જગતમાં શુ કર્યું આ ! !
જરૂર જરૂર માર્યો, રે ! અમોને તમે ઘા.
અતિહિત કરનારો, દેશ દિવો બુઝાવ્યો;
કયમ કરી કારીવા, રૂઝશે આ રૂઝાવ્યો.
નહિ નહિ નહિ ભાગે, ખોટ એ રત્ન ! કેરી;
કયમ કયમ કયમ બનીયા, નાથ આપે નમેરી.
સકલ જગત કેરો, મિત્ર પુરો હિતેશી;
ન મન લેષ જુદાઈ, દેશી કીંવા વિદેશી.
અર્થીજન સહુનો, પ્રેમથી પાળનારો;
અહહ ! જગતમાંથી, તે મણિ આજ ન્યારો !!!
અણિર્વાણ પુત્રાને, સ્નેહથી કોણ ચ્હાશે;
બન્ધુ મન તાકું, શાથીરે હાલ થાશે !

દોહરો.

સદા રહી સતસંગમાં, પાળ્યો ધર્મ સુરીત;
ધન્ય તમારા કામને, ધન્ય તમારૂ ચિત્ત ! !

કુંડળીયા.

પ્રેમાભાઇના દિકરા, મણિભાઇ શુભ નામ;
રાજનગરમાં ગુજર્યા ! તેથી ભાગી હામ;
તેથી ભાગી હામ, સુધારો કોણજ કરશે;
આર્ય પ્રજાને માટ, લાભ કરવા કોણ ફરશે
બોધક વાતો કરી, સર્વને બહુ રીઝાવ્યા;
ધન્ય સુત પ્રેમાભાઇ, રાય રંકોને ભાવ્યા ! !
ન્હાની ઉમરમાં અતિ, કીધાં રૂડાં કામ;
રીઝાવ્યા કંઈ રાયને, રાખ્યું અવિચળ નામ
રાખ્યું અવિચળ નામ, વાણીમાં અમૃત રાખી;
રાજનગરના સ્થંભ, વખાણે સૃષ્ટિ આખી.
આશીષ લીધી ઘણી, દેશને દેશાંન્તરમાં
કીધાં રૂડાં કામ, મણિ ન્હાની ઉમરમાં ! !

દોહરો.

કેમ પ્રભૂ તું કોપીયો, અમપર આણે ઠામ;
વસા ભિંજે અશ્રુ થકી, મણિ કે'તાં મૂખ નામ !

રાગ પરજ.

ગયા મણિભાઇ અમારારે, નથી હવે એવા થનારા–ટેક.
ગુજરાત માંહી મો'ટા નગરશેઠ, નામાંકિત મણિભાઇ;
તે નર કેરૂ મર્ણ થવાથી, વરત્યો ત્રાહિ ત્રાહિ. ગયા–૧
ઠામ ઠેકાણાં બેઠકનાં જોઇ, જગીયા ખાવા ધાય;
મનમાંહિ બહુ શોચ કરૂં ત્યારે, કમ્પે મ્હારી કાય. ગયા–૨
ગુણીયલ શાણા ડાહ્યા વિવેકી, આપતા સઉને માન;
બુદ્ધિવંત મહંતની સાથે, ઘણું મેળવીયું જ્ઞાન. ગયા–૩
હવે કદી મળનાર નથી તું, નિશ્ચે હું જાણું ચિર;
તોપણ સાંભરે સ્વપના માંહી, સોસાઇ જાય શરીર. ગયા–૪
સંવત ઓગણી છપ્પન કેરી, સાલને વૈશાખ માસ;
સુદ ત્રીજે મણિરત્ન રોળાયું, મંગળે પાડયો ત્રાસ ગયા–૫
અસ્ત થયો રવિ રાજનગરનો, દિસે બધે અંધકાર;
રડે નિસાસા મુકીને સર્વે, બાળ પુરૂષને નાર. ગયા–૬
શોક ફેલાયો દેશ આખામાં, રોળાતાં રત્ન અમુલ્ય;
થયા થશે ભલે શેઠ ઘણા પણ, નાવે મણિને તુલ્ય. ગયા–૭
બાળ નિશાળોને રાજ કચેરી, બ્હેર આખે હડતાલ;
મ્હાસાગરમાં ડુબ્યા સર્વે, શ્રીમંતને કંગાલ !! ગયા–૮

દોહરા.

મણિભાઇ તુજ મરણથી, ગમે નહિ કંઇ ઠામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ !!! ૧
ચતુર કળા ત્હારી બહુ, કરશે યાદ તમામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ. ૨
શાન્ત સ્વભાવી નર જતાં, શોકાતુર સૌ ગામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણ ધામ. ૩
રાજનગર રૂવે બધું, તમવિણ આઠે જામ;
વહાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ. ૪
પદ્વી પ્રેસીડેંન્ટની, લીધી રાખી હામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ. ૫
અધિક સુધારાની રહી, મનમાં તમને મામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ. ૬
વિસાર્યું નવ વિસરે, કદી તમારૂં નામ;
વ્હાલા અમને કયાં મળીશ, નગરશેઠ ગુણધામ. ૭
ડાહ્યા ડાહ્યા થઇ ગયા; કરીને ઉત્તમ કામ;
મણિ રત્નને ઓળખી, ગયો મોક્ષને ધામ ! !! ૮

સમાપ્ત.

દારૂડીયાનો દુષ્મન.

એ નામનું અતિઉપયોગી અને લાભકારક પુ-
સ્તક ટુક મુદતમાં છપાવી બહાર પાડવામાં આવ-
નાર છે? ને તેનો ઘણા લોકો લાભ લેઇ શકે એવા
હેતુથી નામ પ્રમાણે કીંમત પણ જુજ એટલે ફકત
ત્રણ પાઈજ રાખવામાં આવી છે. સબબ અત્રેના
એક શાહુકારનો છોકરો ધનવત દારૂના દુષ્ટવ્યસનમાં
લિનથઇ, પોતાના વડીલે મેળવેલું ધન અને આબ
રૂ ગુમાવી આખરે મરણને શરણ થયો; એ જોઇ
આ નાનકડું પણ શીખામણ લેવા લાયક પુસ્તક
પ્રસિદ્ધીમાં મુકયું છે. ને આશા છે કે તે ખરીદ કર
વા કોઇપણ વાચકવર્ગ ચુકશે નહિ. એજ વિનંતી

અમદાવાદ. | લી. સેવક.
તા. ૧૧-૫-૧૯૦૦ | કેશવલાલ જમનાદાસ-પા.